# કુચાવાડા ટોલ પ્લાઝા બન્યું ચોર પ્લાઝા !

## સરકારના આદેશનું ઉલ્લંઘન કરી ટોલ પ્લાઝા બીજી જગ્યાએ ઉભું કરાયું !

દાંતીવાડા તા.૩૧

ડીસા તાલુકાના કુચાવાડા ગામ જોડે બનાવાયેલું ટોલ પ્લાઝા હંમેશા વિવાદોના વંટોળોમાં જોવા મળ્યું છે. લોકોની માંગણીઓએ મળેલી માહિતીઓમાં પૈસા રળવા માટે આ આવ્યો છે. અને એ એવો છે કે ટોલ પ્લાઝા ને જે જગ્યાએ સરકારી આદેશ થવા પામ્યો હતો તે જાહેરનામાનો ભંગ કરતા ટોલ પ્લાઝા ને અન્ય જગ્યાએ ઉભું કરાયું છે. જેમાં પાંથાવાડા થી દાંતીવાડા તરફ


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

પ્લાઝાને સરકાર દ્વારા ફાળવેલ જગ્યા કરતા અન્ય જગ્યાએ ઉભું કરવામાં આવ્યું છે. જેમાં અનેક ગામડાઓ ઓછી મુશાફરીના અંતરે પણ ટેક્ષનો ભોગ બની રહ્યા છે. જેના પગલે આજ રોજ લોકોએ એક આંદોલનના ભાગ રૂપે સરકારને જગાવવા અનેક લોકો મારફતે ટપાલ પોસ્ટ કરી જતા ૩૫ જેટલા ગામડાના લોકોઆ ટેક્ષનો ભોગ બની રહ્યા છે. ટોલ ટેક્ષની મંજુરી ૧૭૦.૬૦૦ કિમીના સ્થળે હતી જયારે વધુ ગામડા દાંતીવાડા તરફ જતા આવરી લેવાય તેથી લઈ ટોલ પ્લાઝા ૧૭૧.૪૫૦ કિમીના અંતરે ઉભું કરી દેવાયું છે. સરકારની મોટી વાતોમાં


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ન્યાય મેળવવાની લડત શરૂ કરી છે.

ડીસા તાલુકાના કુચાવાડા ગામને અડીને ૨૦૧૧માં રણજીત નામનું ટોલ પ્લાઝા ઉભું કરાયું છે. આ ટોલ પ્લાઝા ટૂંકી મુસાફરી કરતા વાહન ચાલકો માટે રોજેરોજની લુંટ સમાન બની જવા પામ્યું છે. અને જેના પગલે અનેકવાર લોકો આ બાબતે ટોલ પ્લાઝાના કર્મીઓ સાથે તો કયાંક રોડ ખાતાના અધિકારીઓ સાથે બહેશ કરતા નજરે જોવા મળ્યા છે. અને આમ ખોટી રીતે લુંટાતા લોકો દ્વારા ટોલ પ્લાઝા વિરૂધ્ધમાં અનેક રજુઆતો કરવા છતાં કોઈ જાતના પગલે ટૂંકી મુશાફરી કરતા લોકો માટે ટેક્ષ માફી મળવા ન પામી અને આમ સમગ્ર પ્લાઝા માહિતી માંગતા નવો જ કિસ્સો પ્રકાશમાં ખેડૂતને જગતનો તાત કહી બિરદાવવામાં આવે છે. પરંતુ આ ટોલ પ્લાઝા તેવા ગરીબ ખેડૂતોના ટ્રેકટરોનો પણ ટેક્ષ વસુલી રહ્યું છે. આ ટોલ પ્લાઝા પર ગુજરાતી બધી જ બસોના યાત્રિક પર ૩ રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે જેનું કારણ પણ આજ ટોલ પ્લાઝા છે. આજના ટપાલ કાર્યક્રમમાં કોંગ્રેસ એમ.એલ.એ જોઈતાભાઈ પટેલનું આગવું સ્થાન હતું. જેઓએ જણાવ્યું હતું કે અમો આ ટોલ પ્લાઝા ઉઘાડી લુંટ બન નહી કરે ત્યાં સુધી લડત ચાલુ રાખીશું. જયારે લોકો આ બાબતે જરૂર પડશે તો રસ્તો રોકી ધરણા પણ ધરસુ આમ અમે અમારા સામેના આ અન્યાય સામે હર હાલમાં લડી લઈશું તેવું જણાવ્યું હતું.

# પાલનપુર ખાતે સુશાસન દિનની ઉજવણીમાં

# ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના કુશાસનનો મુદ્દો ઉછળ્યો

## પાલિકાના ચીફ ઓફિસર પર પસ્તાળ : શાસન કાયદાનું હોય નહી કે વ્યકિતનું : દેવીલાલ જાંગીડ

પાલનપુર, તા. ૩૧

કેન્દ્રની મોદી સરકારે ભારતના પુર્વ પ્રધાન મંત્રી અને ભાજપ રત્ન અટલ બિહારી વાજપેયીજીને ભારત રત્ન આપવાની સાથે તેમના જન્મદિનને સુશાસન દિન તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો હતો. જેના ભાગરૂપે પાલનપુર ખાતે પણ ગુડ ગવર્નન્સ-ડે (સુશાસન દિન)ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુરના આરોગ્ય ધામ ખાતે સુશાસન દિનની ઉજવણી અન્વયે નાગરીકો સાથે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજય અને કેન્દ્ર સરકાર થયેલ વિકાસ વચ્ચે સુશાસન અંગેનું ફુલગુલાબી ચિત્ર રજુ કરાયું હતું. બાદમાં શહેરના અગ્રણી સામાજીક કાર્યકરો અને પ્રબુધ્ધ નાગરીકોએ સુશાસન અંગેના સુચનો કર્યા હતા. જોકે, આ સુશાસન અંગેની ઉજવણીની બેઠકમાં ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાનો કુશાસનનો મુદ્રો ઉછળ્યો હતો. જેમાં પાલનપુર શહેરની વિવિધ સમસ્યાઓને લઈને હતું કે, પાલનપુર નગરપાલિકાના સી.ઓ. એસ.કે.ગરવાલ પાલનપુર પાલિકા ખાતે પણ પુરતો સમય આપતા નથી. ત્યાં તેઓને ડી.એમ.ઓ બનાવી દેવાતા તેઓ મોટેભાગે કલેકટર કચેરી ખાતે પડયા પાથર્યા રહે છે. જેને પરીણામે નગરજનોના નાના-મોટા કામ અટવાઈ જાય છે. પાલીકાના સી.ઓ.ને શહેરની સમસ્યાઓના નિકાલ માટે રોજના બે-ત્રણ કલાક માટે વિવિધ વોર્ડની વીજીટ કરવાની હોય લેવાને બદલે પદાધિકારીઓને ઈશારે થતા કબાડાઓમાં ગળાડુબ રહેતા હોવાની બુમરાણ મચી છે. ત્યારે લોકભોગ્ય માટે ઉપયોગ થવાને બદલે ધુળ ખાઈ રહયા હોવાનો આક્ષેપ પણ દેવીલાલ જાંગીડે કરતા ચકચાર મચી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

### કાયદાનું શાસન હોય નહી કે વ્યકિતનું : દેવીલાલ જાંગીડ

પાલનપુર પાલિકાના સી.ઓ. ગરવાલની કાર્યપધ્ધતિ સામે લાલઘુમ થયેલા દેવીલાલ જાંગીડએ ભારે આક્રોશ ઠાલવતા પોતાની પાસે લઈને આવેલા આધાર-પુરાવા રજુ કરતા જણાવ્યું હતું કે, તેમનું મકાન દબાણ તળે આવતું નહતું. અને દબાણદારોની યાદીમાં પોતાનું નામ પણ ન હોવા છતાં તેઓનું દબાણ દ્રેષપુર્વક રાજકીય ઈશારે ગેરકાયદેસર રીતે તોડી પડાયું હોવાનો ચોંકાવનારો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, કાયદાનું શાસન હોવું જોઈએ નહી કે વ્યકિતનું. તેઓએ પાલનપુર પાલિકામાં રાજકીય કીન્નાખોરી સાથે ચાલી રહેલા વ્યકિતલક્ષી શાસન સામે પણ બળાપો ઠાલવ્યો હતો. આમ, પાલીકાના સી.ઓ.ને કારણે સુશાસનની ઉજવણીના રંગમાં ભંગ પડયો હતો. પાલીકાની સામાન્ય ચૂંટણીઓને આડે હવે માત્ર દશેક માસ જેટલો સમય બાકી રહ્યો છે. ત્યારે ભાજપ મોવડી મંડળ ભાજપની છબી ધુમિલ થતી અટકાવવા પાલિકામાં કાર્યદક્ષ સી.ઓ. મુકી પાલિકાના વહીવટને વધુ લોકાભિમુખ બનાવે તેવી લાગણી વ્યકત થઈ રહી છે.

મળેલી બેઠકમાં ખુદ ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના કુશાસનનો મુદ્રો ઉછળતા સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

પાલનપુરના આઈ. એમ. એ. હોલ ખાતે કેન્દ્રિય ગૃહ રાજયમંત્રીની ઉપસ્થિતિમાં પ્રશાસન ધ્વારા શુસાશન દિનની ઉજવણીના ભાગરૂપે સ્વૈચ્છિક સંસ્થાઓ અને શહેરના પ્રબુધ્ધ પાલિકાના ચીફ ઓફિસર પર પસ્તાળ પડી હતી.

પાલનપુર જી. આઈ. ડી. સી. એસો.ના પ્રમુખ અને બનાસકાંઠા જીલ્લા કોગ્રેંસના મહામંત્રી દેવીલાલ જાંગીડએ પાલિકાના ગેરવહીવટ સામે ભારે રોષ ઠાલવતા પાલિકાના ચીફ ઓફિસર એસ.કે.ગરવાલને આડે હાથ લીધા હતા. તેઓએ જણાવ્યું છે. પરંતુ બિસ્માર રોડ અને ગંદકીના સામ્રાજય વચ્ચે અંધકારની ગર્તામાં લોકોને ધકેલી દઈ તેઓને પ્રાથમિક સુવિધાઓ પુરી પડે છે કે નહી તે જાણવાને બદલે સી.ઓ. ગરવાલ પાલીકાના સત્તાધીશોની આળપંપાળ કરવામાં ઉચા આવતા નથી. તેઓ પાલિકાના અમલીકરણ અધિકારી તરીકે પાલિકાના હીતમાં નિર્ણયો પાલનપુરના નગરજનોને માથે થોપી બેસાડેલા આવા ચીફ ઓફિસર સામે તેઓએ પગલાં ભરવાની માંગ કરી હતી.


એક બાજુ રાજય સરકાર લાખો રૂપિયાનું આંધણ કરી પાલીકાને વિવિધ સાધનો વસાવી આપે છે. ત્યારે પાલિકાના સી.ઓ. અને શાસકોની ઘોર ઉદાસીનતા વચ્ચે આ સાધનોનો જવા પામી હતી. જયારે ડો.ગૌતમભાઈ પરમાર અને એડવોકેટ ભાવેશ રાવલે પણ સફાઈના મુદ્રે પાલિકાના વહીવટ પર આકરા પ્રહારો કરતા સુશાસનની ઉજવણીના આયોજનકર્તાઓ અને ભાજપના પદાધિકારીઓ પણ ડઘાઈ ગયા હતા. ત્યારે સમય પારખી જઈને આ બેઠકને સત્વરે આટોપી લેવાઈ હતી.

# કલેકટર કચેરીએ ભાંગરો વાટયો

## પાલનપુરનું દબાણ દુર કરવા ડીસા પાલિકાનો સંપર્ક કરવા જણાવાયું

પાલનપુર તા.૩૧

રાજયની ભાજપ સરકાર સરકારી બાબુઓને ક્રમ યોગીના પાઠ ભણાવી વહીવટને લોકભિમુખ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે નગરપાલીકા ચીફ ઓફિસરને સંબોધતો એક પત્ર લખી યોગ્ય કાર્યવાહી કરવાનું સુચવવામાં આવ્યું છે. જો કે આ પત્રની નકલ અરજદારને રવાની કરી તેમાં આપની


કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી
બનાસકાંઠા પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં. ૦૨૭૪૨ - ૨૫૩૯૦૯ ૦૨૭૪૨-૨૫૨૭૪૦

નં.બી/ન.પા./વશી ૫૭૭૪૨/૨૦૧૪

પ્રતિ,
મુખ્ય અધિકારીશ્રી
નગરપાલિકા, પાલનપુર.

વિષયઃ- બાંધકામ ગેરકાયદેસર થઈ રહયુ હોય તો સ્ટે આપવા

કલેકટર બનાસકાંઠા વતી

રહે. પાલનપુર આબુ હાઈવે, સમ્રાટ હોટલની બાજુમા,
૨/- આપની ઉકત વિષયની અરજી જરૂરી કાર્યવાહી અર્થે મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ડીસાને મોકલી આપેલ છે. જેથી હવે પછી જરૂર જણાયે તેઓશ્રીની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

સરકારી બાબુઓ હજી પણ અમલદાર શાહીમાં જ રાચી રહ્યા હોવાની બુમરાણ મચી છે. આવા જ એક બનાવમાં પાલનપુરના સિધ્ધરાજ જયસિંહ નગર ખાતે જાહેરમાર્ગ પર થઈ રહેલા ગેરકાયદેસરના દબાણ સામે સ્ટે આપવા જાગૃત નાગરીક દ્વારા કલેકટર કચેરીને લેખિત રજુઆત કરાઈ હતી.

જે અરજીના પ્રત્યુત્તરમાં કલેકટર કચેરી દ્વારા પાલનપુર અરજી અંગે જરૂરી કાર્યવાહી કરવા ડીસા નગરપાલિકાને મોકલી આપેલી હોવાનું જણાવી હવેથી ડીસા પાલીકાનો સંપર્ક કરવા જણાવાયું છે.

આમ, કલેકટર કચેરીએ ભાંગરો વાટતા પાલનપુરમાં ગેરકાયદેસર થઈ રહેલા બાંધકામ સામે સ્ટે આપવા માટે અરજદારને ડીસા પાલીકાનો સંપર્ક સાધવા જણાવીને આજે પણ કેવા લોકભિમુખ (?) વહીવટ ચાલી રહ્યો છે. તેનું ઉદાહરણ પુરૂ પાડયું છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એક બાજુ સરકાર દ્વારા હાલ આધારકાર્ડને ગેસ કનેકશન સાથે જોડવાની સ્કીમને લઈને હાલ ગ્રાહકો તોબા પોકારી ચૂકયા છે ત્યારે આજે સમગ્ર ભારતભરની એચ.પી. ગેસ એજન્સીની એજન્સી ખાતે ૩૧મી ડીસેમ્બરે જ નવું સોફટવેર ડાઉનલોડ થવાની પ્રક્રિયાને આજે અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતેની આશાપુરા ગેસ એજન્સી ખાતે આજે વિતરણ વ્યવસ્થા ખોરવાતા ગ્રાહકોએ હલ્લાબોલ કર્યો હતો અને હોબાળો મચાવતા વાતાવરણ તંગ બની ગયું હતું. છેલ્લા કેટલાય સમયથી મોડાસા ખાતે આવેલી એચ. પી. ગેસ એજન્સીના સંચાલકોની કામકાજની પદ્ધતિને લઈને ગ્રાહકો હેરાન પરેશાન થઈ ચૂકયા છે. આવતીકાલથી નવું વર્ષ ચાલુ થતું હોય અને નવા વર્ષને વધાવવા માટે હાલ યુવાધન થનગની રહ્યું છે ત્યારે આજે આ ગેસના બાટલા ન મળવાને લઈને ગ્રાહકોએ હલ્લાબોલ કરતાં એજન્સી ઉપર હોબાળો મચી ગયો હતો. જ્યારે કેટલાક ગ્રાહકોએ જણાવ્યું હતું કે પાંચ દિવસથી પૈસા પણ ભરાઈ ગયેલ છે અને બાટલો ન મળતાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરાતાં એજન્સી માલિકોને તાત્કાલીક જિલ્લા પૂરવઠા અધિકારીની ઓફિસે બોલાવીને આ બાબતે ખુલાસો માંગ્યો હતો ત્યારે નવું સોફટવેર ડાઉનલોડની કાર્યવાહીને લઈને આજની કામગીરી ખોરવાઈ છે તેવું કારણ બતાવી પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.

# ભિલોડા તાલુકાના બુધરાસણ ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા, તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બુધરાસણ ગામ પાસેથી રૂા.૨૬,૩૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો. વિદેશી દારૂ અને બાઈક સાથે કુલ મુદ્દામાલ રૂા.૪૬,૩૦૦/-નો ઝડપાયો છે.

ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા પી.એસ.આઈ. એચ. પી. ઝાલા સહિત પોલીસ સ્ટાફ પેટ્રોલીંગ કરતા હતા તે દરમ્યાન રાજસ્થાન તરફથી એક ઈસમ બજાજ ડીસ્કવર બાઈક નંબર. આર.જે.૧૨.૯. જી.૩૪૩૯ નો અજાણ્યો ચાલક વિદેશી દારૂ પ્રતિબાંધિત ગુજરાત રાજયમાં ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર અલગ-અલગ વિદેશી દારૂની બ્રાન્ડ વેચાણ અર્થે લાવતો હતો. પોલીસે રૂા.૨૬,૩૦૦/-નો વિદેશી દારૂ અને રૂા.૨૦,૦૦૦/-બજાજ ડીસ્કવર બાઈક ઝડપી લીધું હતું. વિદેશી દારૂ અને બાઈક સાથે કુલ મુદ્દામાલ રૂા.૪૬,૩૦૦/-નો ઝડપાયો છે. અજાણ્યો બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો. ભિલોડા પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

એક તરફ ફુલ ગુલાબી ગાત્રો થ્રીજાવતી ઠંડીની મોસમ ચાલી રહી છે સાથે સાથે ૩૧ ડિસેમ્બરની ઉજવણી અને વર્ષ ૨૦૧૫ ને વધાવવા માટે ઠેર-ઠેર દારૂની મહેફીલો જામતી હોય છે ત્યારે રાજસ્થાન રાજ્યમાંથી પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે મોટા પાયે વિદેશી દારૂની માંગ વધતાં વિદેશી દારૂ ગેરકાયદેસર રીતે લાવવામાં આવતો હોવાની વાતો લોકમુખે ચર્ચાય છે.

# રાષ્ટ્રીય અનુ.જાતિ આયોગના દ્વારા અરવલ્લી જિલ્લાના દલિત વર્ગોના પ્રશ્નોની સમીક્ષા કરાઈ

મોડાસા તા.૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજ રોજ રાષ્ટ્રીય અનુસુચિત બેઠકમાં સાનુકુળ ઉકેલની દિશામાં પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં જમીનને લગતા પ્રશ્નો, આવાસ મેમ્બરશ્રીએ જણાવ્યું હતું કે સમાજના પછાત વર્ગોના આર્થિક ઉત્કર્ષના પ્રશ્નોને વાચા આપવા ભાર મુકયો હતો અને


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

જાતિ આયોગ ભારત સરકાર નવી દિલ્હીના મેમ્બરશ્રી રાજુભાઈ પરમારની અધ્યક્ષતામાં ધારાસભ્યશ્રી, સામાજીક ન્યાય સમિતિના જિલ્લા અને તાલુકાના ચેરમેનશ્રી અને અનુ.જાતિની સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને સામાજીક કાર્યકરશ્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

બેઠકમાં મેમ્બરશ્રી રાજુભાઈ પરમારે જણાવ્યું હતું કે નવ રચિત સાત જિલ્લાઓમાં અનુસુચિત જાતિના આર્થિક ઉત્થાન માટેની યોજનાકીય મળવા પાત્ર લાભોની જાણકારી તેમજ પ્રશ્નોની સમીક્ષાના ભાગરૂપે યોજેલ યોજના, સફાઈ કામદારોને મળવા પાત્ર સુવિધા, નિયમિત મેડીકલ તપાસણી, દલિતો ઉપરના અત્યારો, યોજાકીય ધારાધોરણ મુજબ મળવા પાત્ર સહાય, શિક્ષણમાં મળવા પાત્ર લાભો ઝડપથી મળે તે દિશામાં કામગીરી કરવા અધિકારીઓને જણાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી બી.જે.ભટ્ટે આવકાર પ્રવચન કરી રજુ બેઠકમાં રજુ થયેલ પ્રશ્નોનું નિરાકરણ લાવવા અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સુચન કરી નિકાલ કરવા અપીલ કરી હતી.

ત્યારબાદ પત્રકારોને સંબોધતા ગ્રામ્ય સ્તરે પાયાની સુવિધાઓ વિકસાવવા અંગે વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી.

## બાયડ તાલુકા ગુરૂ બ્રાહ્મણ સમાજ સેવા મંડળ દ્વારા આયોજીત સન્માન સમારોહ યોજાયો

બાયડ, તા.૩૧

બાયડ તાલુકા ગુરૂ બ્રાહ્મણ સમાજ સેવા મંડળ દ્વારા આયોજીત તા.૨૮/૧૨/૨૦૧૪ના રોજ સન્માન કાર્યક્રમમાં તેજસ્વી વિધાર્થીઓ વિશિષ્ટ પ્રતિભાઓ, નિવૃત કર્મચારીઓ અને સિનિયર સીટીઝન અને મરણોત્તરને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો તેમાં કાર્યક્રમનું ઉદઘાટન શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર ઓડના મહંત શ્રી રાજ શરણ દાસજી મહારાજના હસ્તે કરવામાં આવ્યુ. આ સમારંભના અધ્યક્ષ સ્થાને ડૉ.સુભાષભાઈ વી.પંડયા, અતિથી વિશેષ શ્રી ડૉ.ભાનુભાઈ એમ.ઔદિચ્ય, ડૉ.પિનાકીન વી.પંડયા, અમૃતભાઈ શ્રીમાળી, મહેશભાઈ પંડયા બાવીસ પરગણા પ્રમુખ હાજર રહ્યા હતા.

## દુઃખદ અવસાન



ઔદિચ્ય સહસ્ત્ર સત્તાવીશ બ્રહ્મસમાજના જુના ડીસાના વતની અને હાલમાં પાલનપુરના ઢુંઢીયાવાડી, સરસ્વતી હાઈસ્કુલ પાસે આવેલી જોશીનીવાસ ખાતે રહેતા બબુબેન શાંતિલાલ જોશી ટુંકી માંદગી બાદ ગત તા.૨૧-૧૨-૨૦૧૪ને રવિવારના રોજ દેવલોક પામ્યા છે. સ્વ.ખુબ જ માયાળું અને મિલનસાર સ્વભાવના હતા. સદગતનું બેસણું તા.૧-૧-૨૦૧૫ને ગુરૂવારના રોજ તેમના નિવાસ સ્થાને રાખેલ છે. પ્રભુ સ્વ.ના.આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એલિવેશન ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઇવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦